## ગાંધીનગર મને ગમે છે...



**આશા સરવૈયા**
**(વરિષ્ઠ કલાકાર અને મહિલા અગ્રણી)**

ગાંધીનગરમાં જન્મેલા અને ઉછરેલા લોકોને તો ગાંધીનગર ગમે જ છે, પરંતુ ગાંધીનગર ગમવાની ખરી સરખામણી બહારથી આવીને વસેલા લોકો વધારે સારી રીતે કરી શકે.

મેં પણ વતન છોડીને છેલ્લા ૩૮ વર્ષોથી ગાંધીનગરને મારી કર્મભૂમિ બનાવી છે એટલે હું તો કહીશ કે ગાંધીનગર મને ખૂબ ગમતું અને વહાલું છે.

શૈક્ષણિક, સાહિત્યિક, સેવાકીય, સાંસ્કૃતિક અને કલા પ્રવૃત્તિઓ પ્રત્યે મને પહેલેથી જ લગાવ. ગાંધીનગરમાં આવી ત્યારે આ બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અને આગળ વધવાની સુંદર તકો પ્રાપ્ત થશે તેવું વાતાવરણ અહીં જોવા મળ્યું.

છેલ્લા ઘણા વર્ષોથી આવા સુંદર વાતાવરણના કારણે ગાંધીનગરને, અગાઉની શુષ્ક નગરીમાંથી શૈક્ષણિક હબ અને સાંસ્કૃતિક તથા સાહિત્યિક સંસ્થાઓ દ્વારા બારે માસ ચાલતા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓએ ધમધમતું અને જીવંત બનાવી દીધું છે અને કલાનગરીનું બિરૂદ મેળવ્યું છે. આવી અનેક પ્રવૃત્તિઓમાં જોડાવાનું સૌભાગ્ય મને પણ ગાંધીનગરે જ આપ્યું છે.

ગાંધીનગર ગમવાનું એક ખાસ કારણ અહીંના લોકો પણ છે. ગાંધીનગર કોઈનું વતન ન હોવાના કારણે કોઈનું ન કહેવાય પણ અહીં વસતા લોકોના પ્રેમાળ, આત્મીય અને મળતાવડા સ્વભાવના કારણે ખરેખર તો સૌનું પ્યારૂં નગર બની ગયું છે. કૌટુંબિક અને સામાજિક પ્રસંગો સમયે ગાંધીનગરના સ્નેહીજનોની જે હૂંફ, સહકાર અને પ્રેમ પ્રાપ્ત થાય છે તે ખરેખર અદ્વિતીય છે અને ક્યારેય વતન કે કુટુંબની ખોટ સાલવા દેતા નથી.

વિવિધ કલાક્ષેત્રના અહીં વસતા કલાકારોની સાથે ખભેખભા મિલાવીને કામ કરવાની મને તક પ્રાપ્ત થઈ છે. આ કલાકારો રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિપ્રાપ્ત હોવાથી હું આ બાબતનું ગૌરવ અનુભવું છું. ગાંધીનગર ગમવાનું આ પણ એક સબળ કારણ છે.

હરિયાળીથી છલોછલ, પ્રદૂષણમુક્ત, સ્વચ્છ, સુંદર તથા પ્રકૃતિ અને સંસ્કૃતિ જ્યાં સોળે કળાએ ખીલેલ છે એવું નગર કોને ન ગમે?

મને તો ખુબ ગમે છે.



ન્યુટ્રી પ્લેટ કાફે દ્વારા મહિલા દિનની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. કેક કાપીને મહિલાઓએ ખાસ ઉજવણી કરી હતી.

### શ્રમ આયુક્તની કચેરી ઉદ્યોગ ભવન ખાતે

## વિશ્વ મહિલા દિવસે સલામતી જાગૃતિનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૯

વિશ્વ મહિલા દિવસ નિમિત્તો ગાંધીનગરમાં શ્રમ આયુક્તની કચેરી, ઉદ્યોગ ભવન ખાતે વ્યક્તિગત સુરક્ષા અને સલામતી જાગૃતિનો સેમિનાર યોજવામાં આવ્યો હતો.

જેમાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશનનાં ટેકિનકલ ડિરેક્ટર જતીન દવે, કોચ મિલન કંસારા અને રોનક કંસારા વિશેષ ઉપસ્થિત રહી મહિલાઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને ઈન્સ્ટ્રક્ટર દિયા ચુડાસમા તથા ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગરએ આ સેમિનારમાં સહભાગી થઈ સેમિનારને સફળ બનાવ્યો હતો તથા શ્રમ આયુક્ત કચેરી વતી કુ. રંજન ગોરડ એ સંસ્થાની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.




## રાસેયો એકમ દ્વારા અંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નારી સમ્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ તેમજ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિધાલય, ચિલોડા કેંન્દ્રનાં ઉપક્રમે અંતર રાષ્ટ્રીય મહિલા દિવસ નીમીત્તો નારી સમ્માન કાર્યક્રમ યોજવામાં આવ્યું જેમાં વિવિધ ક્ષેત્રે આગવી રહતી મહિલાઓનું સમ્માન કરવામાં આવ્યું જેમાં ડૉ ગીતાબેન પટેલ, ડૉ. રંજનબેન પટેલ, મોનિકાબેન પટેલ, ભાવનાબેન ચૌહાણ, રાધિકા રામ, ગીતા દેસાઈ અને એલીસ ક્રિશ્ચિયનને સાલ અને મોમેન્ટો દ્વારા સમ્માનિત કરવામાં આવ્યું હતું સ્વાગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા દ્વારા આપવામાં આવ્યું હતું મુખ્ય વક્તા તરીકે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય, ચિલોડા કેંન્દ્રનાં બી.કે. શ્રુતિબહને પ્રવચન આપ્યું હતું.

## નરેશ પટેલને આપમાં જોડાવા માટે આપના નેતાનું આમંત્રણ

રાજકોટ, તા.૧૨

પાટીદાર અગ્રણી નરેશ પટેલને રાજકારણમાં લાવવા માટે અનેક પક્ષના નેતાઓ વારંવાર અપીલ કરી ચૂક્યા છે. જેમાં ભાજપ અને કોંગ્રેસ બાદ હવે આમ આદમી પાર્ટી (આપ) પણ તેમાંથી બાકાત નથી. શનિવારે રાજકોટમાં યોજાયેલી તિરંગા યાત્રા દરમિયાન આપ નેતા ઈસુદાન ગઢવીએ નરેશ પટેલને પક્ષમાં જોડાવવા આમંત્રણ આપ્યું હતું. તેમણે મીડિયાને જણાવ્યું કે, નરેશભાઈ ખૂબ જ સારા કાર્યકર અને મોટા આગેવાન છે. તેમણે સમાજ અને તમામ જ્ઞાતિઓ માટે કામ કર્યું છે. જેથી તેમના જેવા પ્રતિભાશાળી વ્યક્તિએ હવે રાજકારણમાં આવી સમાજની સેવા કરવાની જરૂર છે. હાલ સાફ ઈમેજ અને ભ્રષ્ટાચાર મુક્ત એકમાત્ર પાર્ટી આપ છે, જેથી અમે નરેશભાઈને આવકારીએ છીએ.

ઈસુદાને નરેશ પટેલને લઈને મીડિયાને જણાવ્યું કે, તમારા જેવા વ્યક્તિની આમ આદમી પાર્ટીને જરૂર છે. તમારા કારણે સ્વચ્છ પ્રતિભા ધરાવતા વ્યક્તિઓ પણ આ પાર્ટીમાં જોડાશે અને આદ આદમી પાર્ટી સરકાર બનાવશે. કારણે કે ભાજપ ભ્રષ્ટ છે. લોકોમાં એવી છાપ છે કે, ભાજપમાં લોકો માલ માટે, ફાઈલ માટે અને કોન્ટ્રાક્ટ માટે જાય છે. જ્યારે કોંગ્રેસ તો પતી જ ગઈ છે. કોંગ્રેસના નેતાઓ હવે જીવી શકશે કે શું કરશે મને ખબર નથી કારણે તે ૨૭ વર્ષ સુધી વિપક્ષમાં રહીને કંઈ કરી શકી નથી. જેથી એકમાત્ર પાર્ટી જે આમ આદમી જેનું ભવિષ્ય છે ગુજરાતમાં જેથી નરેશભાઈએ પાર્ટીમાં આવવું જોઈએ.

## સેક્ટર-૭માં શ્યામજી કૃષ્ણવર્મા વસાહત ખાતે મહિલા દિનની ‘‘સાર્થક’’ ઉજવણી

ગાંધીનગરમાં સેક્ટર-૭માં શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વસાહત ખાતે સાર્થક ફાઉન્ડેશન દ્વારા આયોજિત વિશ્વ મહિલા દિવસની ઉજવણીમાં ૩૦૦ જેટલી મહિલાઓએ વિવિધ મનોરંજક રમતો અને કરાઓકે સંગીત વગેરેનો મનભરીને આનંદ માણ્યો હતો. આ પ્રસંગે શહેરના મેયર હિતેશભાઈ મકવાણા, સ્થાનિક કોર્પોરેટર્સ તેજલબેન નાઈ, મીનાબેન પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ દાસ તેમજ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પૂર્વ અધ્યક્ષ મમતાબેન રાવલ અને સાર્થક ફોઉન્ડેશનના અધ્યક્ષ ક્રિષ્નાબા રાજપૂત વગેરે હાજર રહ્યા હતા. સાર્થક મહીલા દિવસની ઉજવણીના મુખ્ય મેહમાન હિતેશભાઈ મકવાણાએ મહિલાઓને સંબોધતા કહ્યું હતું કે ‘‘આજના આ કાર્યક્રમનું આયોજન ખુબજ સુંદર રીતે કરવામાં આવ્યું છે તથા આજનો દિવસ મહિલાઓનો હોવાથી આજ આપ સર્વ મહિલાઓએ જ બોલવાનું હોય છે’’ તેમ કહીને તેમણે મહિલાઓને પ્રોત્સાહન આપ્યું હતું. મમતાબેન રાવલે મહિલાઓને મોટીવટીનલ સ્પીચ આપી પ્રોત્સાહન પૂરું પડ્યું હતું.

મહિલા કોર્પોરેટર તેજલબેન નાઈએ કહ્યું ‘એક પુરુષ ભણે છે ત્યારે ફક્ત પુરુષ જ શિક્ષિત થાય છે પણ એક મહિલા ભણે છે ત્યારે આખો સમાજ તથા તેનો પરિવાર શિક્ષિત થાય છે’. મહેન્દ્રભાઈ પટેલએ મહિલા સશક્તિકરણની યોજનાઓ વિષે પણ માહિતી આપી હતી. સાર્થક ફાઉન્ડેશનના અધ્યક્ષ ક્રિષ્ણાબા રાજપૂતએ સંસ્થા વિષે માહિતી આપતા કહ્યું હતું કે ‘‘સાર્થક ફાઉન્ડેશન મહિલા સશક્તિકરણ ઉપર કામ કરી રહ્યું છે જેમાં છેવાડાંના ગ્રામ્ય વિસ્તારોમાં દીકરીઓને ગુડ ટચ બેડ ટચ, સનિટેરી પેડ વગેરે વિષે માહિતી આપવી, મહિલાઓને સમાજમાં પોતાની જાતે કાર્યો કરી સશક્ત બનવું, સેલ્ફ ડિફન્સની શિબિરો યોજવી, કોરોના કાળમાં જરૂરિયાતમંદોને ફૂડ પેકેટ, સેનિટાઈઝર અને માસ્કનું વિતરણ તથા ગરમી વિસ્તારની શાળામાં બાળકોને સ્ટેશનરી તેમજ બેગ વિતરણ વગેરે કાર્યોનો સમાવેશ થાય છે’’. તેમણે મહિલાઓને પોતાની જાતે સશક્ત બની આ ઉજવણીને સાર્થક બનાવવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં મહિલાઓએ વિવિધ મનોરંજક રમતો અને કરાઓકે સંગીત વગેરેનો મનભરીને આનંદ માણ્યો હતો જે પૈકી ક્રેક જેક ગેમના પ્રથમ ક્રમે બિકુબેન ચાવડા, દ્વિતીય ક્રમે સ્મૃતિબેન પટેલ, વેશભૂષા પ્રથમ ક્રમે અંતરકુંવરબા, દ્વિતિય ક્રમે રૂચિતાબેન હીરાની અને તૃતીય ક્રમે અલ્પાબેન જોશી, ફલો બલૂન ગેમમાં પ્રથમ ક્રમે અંકિતાબેન, દ્વિતિય ક્રમે સ્વાતિબેન ચૌહાણ અને તૃતીય ક્રમે ચૌહાણ ધર્મિષ્ટાબેન, ગીત-સંગીત પ્રથમ ક્રમે આસ્થાબેન પરમાર, દ્વિતીય ક્રમે સુનિતાબેન રાણા, તૃતીય ક્રમે રાજેશ્વરીબેન દવે અને સંગીત ખુરશીમાં પ્રથમ ક્રમે હસુમતિબેન રાઠોડ, દ્વિતીય ક્રમે શારદાબેન પરમાર અને તૃતીય ક્રમે વિજેતા મલ્લિકાબેન રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૩૦૦જેટલી મહિલાઓ હાજરી આપી હતી તેમજ આ કાર્યક્રમના સમાપને મહિલાઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

આઝાદી નો અમૃત મહોત્સવ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ગુજરાત બજેટ 2022-2023

# ખેડૂતોના થશે સપના સાકાર,
# પડખે ઉભી છે અમારી સરકાર

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે
## કુલ ₹.૭૭૩૭ કરોડ



ખેડૂતોને ખરીફ પાકધિરાણ ઉપરાંત
હવે... **રવી તેમજ ઉનાળુ પાકધિરાણ માટે**
**₹.૧૨૫૦ કરોડની વ્યાજ રાહતની યોજના**

### કૃષિ કલ્યાણ

કૃષિ યાંત્રિકીકરણના સંદર્ભે ટ્રેક્ટર સહિત અન્ય મશીનરીની ખરીદીમાં સહાય માટે **₹.૨૬૦ કરોડની ફાળવણી**

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રો માટે **₹.૨૩૧ કરોડની ફાળવણી**

ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અતંર્ગત **₹.૮૧ કરોડની ફાળવણી**

કાંટાળા તારની વાડ બનાવવા માટે સહાય આપવા **₹.૧૦૦ કરોડની ફાળવણી**

કૃષિ ક્ષેત્રે કૃષિ વિમાન (ડ્રોન ટેકનોલોજી)ના ઉપયોગ માટે **₹.૩૫ કરોડની ફાળવણી**

કૃષિ બજાર વ્યવસ્થાના સંચાલન હેતુ **₹.૫૦ કરોડની જોગવાઈ**

### પશુપાલક કલ્યાણ

સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ પેટે **₹.૨૧૩ કરોડની જોગવાઈ**

પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે **₹.૩૦૦ કરોડની જોગવાઈ**

### આદિજાતિ કલ્યાણ

આદિજાતિ ખેડૂતોને વ્યક્તિગત/સામુહિક સિંચાઈ કૂવા સાથે ૩ એચ.પી. સોલાર પંપની સહાય આપવા **₹.૭૫ કરોડની ફાળવણી**

આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા નવી સહાય યોજના માટે **₹.૩૮ કરોડ વપરાશે**

આદિજાતિ વિસ્તારની ખાંડ મીલોને પુનઃ કાર્યાન્વિત કરવા શેરમૂડી માટે **₹.૪૦ કરોડ લોન સહાયની જોગવાઈ**

પ્રાકૃતિક કૃષિનો ઉપહાર
ખેડૂતોની પ્રગતિ અપરંપાર

